ડીસાના કૈલાશનગર વિસ્તારમાં બની રહેલાં નવીન મકાનોમાં આડેધડ દબાણ

જૈનજાગૃતિ સેન્ટરથી કૈલાશનગર સુધીના રસ્તાનાં ભરાઈ રહેલા પાણીના કારણે રહીશોને પગપાળા ચાલવામાં પણ મુશ્કેલી

પાલનપુર, તા. ૧૬

આમ તો ડીસા શહેરમાં તમામ વિસ્તારોમાં દબાણોનો રાફડો ફાટ્યો છે પરંતુ ભૂતપૂર્વ ન.પા. ના પ્રમુખના વોર્ડ વિસ્તાર એટલે કે વેલુનગર, કૈલાશનગરમાં તો ઠેકઠેકાણે દબાણો થયાં હોવાનું પ્રતીત થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી કૈલાશનગર, વેલુનગર વિસ્તારનાં દબાણોના કારણે મુખ્ય માર્ગ પણ અવરોધાયો છે તેમજ નગરપાલિકા દ્વારા પણ આ દબાણો હટાવવા માટે કાર્યવાહી કરવાની હૈયાધારણા આપવામાં આવી છે તેમ છતાં આજે પણ આ તમામ દબાણો યથાવત્ રહેવા પામ્યા છે.

ડીસા - પાલનપુર હાઈવે ઉપર આવેલ જૈનજાગૃતિ સેન્ટરથી કાંટ જવાના રસ્તા ઉપર આવેલ કૈલાશનગરમાં અત્યારે બની રહેલાં તમામ નવાં મકાનોમાં મોટાપાયે રસ્તાઓનું દબાણ કરવામાં આવ્યું હોવાનું સ્થાનિક રહીશો દ્વારા જાણવા મળે છે તેમાં પણ એક મકાન જે કાંટ જવાનો મુખ્ય માર્ગ તેમજ કૈલાશનગરની ગલીના કોર્નર ઉપર બે માળનું બની રહ્યું છે તેમાં બન્ને તરફનાં માર્ગોનું ૫-૫ ફુટનું દબાણ કરવામાં આવ્યું છે તેમજ કઠેડાનું દબાણ, પગથીયાંનું દબાણ વિગેરે તો વધારાનું...! કૈલાશનગરના રસ્તાઓ જે અત્યારે માત્ર નાની નાની ગલીઓ બની ગયાં છે જેના કારણે નાનું વ્હીકલ પણ આ રસ્તાઓ ઉપર લઈ જવું મુશ્કેલ બન્યું છે.

ડીસા નગરપાલિકાના નવાં વરાયેલાં પ્રમુખ તેમજ ઉપપ્રમુખ જો કૈલાશનગરનાં રહીશોને ન્યાય આપી નવાં બની રહેલાં મકાનોની તપાસણી કરાવે તેમજ દબાણો થયાં હોય તે તમામ અત્યારે જ દૂર કરાવે તો ભવિષ્યમાં ન.પા. તંત્રને વધારે મહેનત અને નાણાંનો વેડફાટ ન કરવો પડે તેમજ કૈલાશનગર વાસીઓને પણ નવાં પ્રમુખ તરફથી એક સારી ભેટ મળી શકે.

જૈનજાગૃતિ સેન્ટરથી છેક કૈલાશનગર સુધીનો મુખ્ય માર્ગ જે અત્યારે એકદમ ખખડધજ બની ગયો છે જેમાં ઠેર ઠેર ખાડા - ખાબોચીયાંમાં પાણી ભરાઈ રહેલું રહેતું હોવાના કારણે રહીશોને પગપાળા પણ આ રસ્તો પસાર કરવો મુશ્કેલ બની રહ્યો છે. ન.પા. તંત્ર રહીશોની લાગણીને ધ્યાને લઈ આ રસ્તાને નવેસરથી યોગ્ય માપ-સાઈઝનો બનાવે તેમજ આજુબાજુનાં દબાણો હટાવે તો રહીશોની સુખાકારીમાં વધારો થઈ શકે.

બનાસકાંઠા જીલ્લાની સંસદની પેટા ચુંટણીમાં ઉપયોગ થનારા ઈવીએમ મશીનોની આજરોજ પાલનપુર જિલ્લા સેવા સદન-રની કચેરી ખાતે તાલુકા વાઈઝ ફાળવણી કરવામાં આવી હતી. બનાસકાંઠા જીલ્લાની સંસદની પેટા ચુંટણી ૨જી જુનના રોજ યોજાનાર છે ત્યારે આ ચુંટણીમાં મતદાન માટે હિંમતનગરથી ઈવીએમ મશીનો પાલનપુર ખાતે લાવવામાં આવ્યા હતા. અને તમામ મશીનોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ૪૧૦૦ બી.યુ અને ૨૫૦૦ સી.યુનો સમાવેશ થાય છે. જે પૈકી કુલ ૪૦ મશીનો ફેલ હોવાથી તેને રદ કરવામાં આવ્યા હતા અને બાકીના તમામ ઈવીએમ મશીનોની આજરોજ તાલુકા વાઈઝ ફાળવણી કરવામાં આવી હતી.



બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં ઠેર ઠેર નગરપાલિકાના બાંધકામ શાખાના કર્મચારીઓની મીલી ભગતથી કે આંખની શરમથી આડેધડ બિનઅધિકૃત બાંધકામોનો રાફડો ફાટ્યો છે. અહીં નગરપાલિકા વારંવાર દબાણ હટાવ ઝૂંબેશ હાથ ધરે છે ત્યારે સમય અને નાણાં સરકારના જ વેડફાય છે અને પ્રજાને તકલીફ પડે છે. પરંતુ નગરપાલિકાના તંત્ર બાંધકામ શાખાની મંજુરી કે ગેરકાયદેસર દબાણ થતું હોય અથવા આડેધડ બાંધકામ થતું હોય ત્યારે રોકવાની બદલે પાણીની સુવિધા કરાવી આપતું હોય છે ત્યારે ડીસા આદર્શ સ્કૂલની પાછળના વિસ્તારમાં ડીસા નગરપાલિકા દ્વારા થોડા સમય અગાઉ દબાણ હટાવવામાં આવ્યું હતું ત્યારે આજરોજ એ જ વિસ્તારમાં મોટું વિશાળ સ્વરૂપમાં એક ઘર બની રહ્યું છે. ત્યારે એ ઘરના માલીકે ડીસા નગરપાલિકાની કોઈ જ જાતની પરમીશન લીધી નથી અને બારોબાર બાંધકામ શાખાના અધિકારીઓ જોડે વહેવાર કરી આ ગેરકાયદેસર બાંધકામ થઈ રહ્યું છે. ત્યારે આ બાબતે ડીસા નગરપાલિકાની નવનિયુક્ત પ્રમુખ તથા ઉપપ્રમુખ આ બાબતે આ ગેરકાયદેસર બાંધકામ હટાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

દિયોદર તાલુકાના નવાપુરા ગામે બાજરીના પાકને ભારે નુકસાન

ખેડૂતોના હાથમાં આવેલો કોળીયો છીનવાયો : બાજરીના પાકમાં ઈયળો પડવાથી બાજરીનો પાક લણણી સમયે ઈયળોએ કોતરી ખાધો

ડીસા, તા. ૧૬

દિયોદર તાલુકાના નવાપુરા ગામમાં તેમજ આજુબાજુના ગામડાઓમાં ખેડૂતો પાસે આવેલો બાજરીનો કોળીયો છીનવાયો. થોડા સમય પહેલા વાવાઝોડા અને કમોસમી વરસાદે બાજરીના પાકને ભારે નુકસાન કર્યા બાદ અત્યારે બાજરીના પાકમાં મોટી સંખ્યામાં ઈયળો પડવાથી મોટું નુકસાન થવા પામ્યું છે.

દિયોદર તાલુકાના નવાપુરા ગામે ઉનાળું બાજરીનાં ડોડામાં લણણી સમયે જ મોટા પ્રમાણમાં ઈયળ અને જીવાત પડવાથી ડોડામાંથી દાણાનો મોટો બગાડ થવા પામ્યો છે. આ ઈયળો બાજરીના ડોડામાં મોટા પ્રમાણમાં જોવા મળે છે અને બાજરીના દાણા ઈયળો ખાઈ ગઈ છે તેથી હવે ખેડૂતોને માત્ર ઘાસચારો લઈને સંતોષ માનવો પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. જેમાં આ બાબતે ખેડૂતોએ જણાવેલ કે અમારા ગામમાં ઉનાળુ બાજરીના પાકોનું સારું વાવેતર થયેલ છે જેમાં અત્યારે અમારો ઉનાળુ બાજરીના પાકમાં મોટા પ્રમાણમાં ઈયળ પડવાથી મોટું નુકસાન થવા પામ્યું છે. બાજરીના ડોડામાં લણણી સમયે જ મોટા પ્રમાણમાં ઈયળ અને જીવાત પડવાથી ડોડામાંથી દાણાનો મોટા પાયે બગાડ થયેલ છે. જેમાં આજુબાજુના અનેક ગામડાઓમાં પણ બાજરીના પાકોમાં ઈયળ પડવાથી ભારે નુકસાન થવા પામ્યું છે. જે આ બાબતે જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા આ વિસ્તારમાં મુલાકાત લઈ ખેડૂતોને ઈયળો દ્વારા થતું નુકસાનની કઈ દવાઓ વાપરવી એ વિશે માર્ગદર્શન આપવામાં આવે તેવી નવાપુરા ખેડૂત બાબુભાઈ કરમશીભાઈએ જણાવ્યું હતું.

ડીસામાં કાર્બેટથી પકવતા કેરી માલિકોની દુકાનમાં આજે સવારે ડીસા નગરપાલિકા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ ડીસા વી. જે. પટેલ શાકમાર્કેટમાંથી ૪૦ બોક્સ જપ્ત કરી હતી. ડીસા નગરપાલિકાના અધિકારીઓએ આજે સવારે વી. જે. પટેલ શાકમાર્કેટમાં ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારી સુરેશભાઈ ગેલો તેમજ સ્ટાફ તેમજ મામલતદારને જોડે રહી દરેક દુકાનોમાં ઓચિંતી કેરી માલિકોની દુકાનમાં તપાસ કરતા કેરી માલિકોની દુકાનમાં કોર્બેટથી પકવેલી કેરીઓના ૪૦ બોક્સનો જથ્થો મળી આવ્યો હતો. જ્યાં ડીસા નગરપાલિકાના વાહનમાં ભરી કોર્બેટ કેરીઓનો નાસ કરવામાં આવ્યો હતો. ત્યારે અમુક દુકાન માલિકોમાં નાસ ભાગ થવા પામી હતી અને કાર્બટથી પકવેલ કેરી માલિકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ત્યારે ઘણા સમયથી અખબારોમાં દીન-પ્રતિદિન સમાચારના પગલે આ રેડ કરવામાં આવી હોય તેમ જનલોક પ્રવર્તી રહ્યો છે. (તસવીર : કાંતિલાલ લોધા)

સરદાર ક્રેડીટ સોસાયટીના બાકીદારને

ડીસાની એડી. ચીફ કોર્ટે લોન ચેકના કેસમાં ૬ માસની સજા અને પાંચ હજારનો દંડ ફટકાર્યો

ડીસા, તા. ૧૬

ડીસામાં આવેલી ધી સરદાર કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી ડીસામાંથી લોન મેળવી લોન નિયત મુદ્દતમાં ભરપાઈ ન કરી ચેક આપતા અને તે ચેક બેંકમાંથી ભંડોળ ન હોઇ પરત ફરતાં એક લોનધારક સામે સરદાર કો. ઓપરેટીવ સોસાયટીએ ડીસા કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ધી નેગોશીએલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના દાખલ થયેલા આ કેસમાં નામદાર કોર્ટે લોન લેનારને તકસીરવાર ઠરાવી ૬ માસની સાદી કેદ અને પાંચ હજારનો દંડ ફટકારેલ છે.

આ અંગેની ધી સરદાર કો. ઓ. ક્રેડીટ સોસાયટી ડીસા તરફથી મળેલી વિગતો જોતાં તેમની ક્રેડીટ સોસાયટીમાંથી વર્ષ ૨૦૦૨માં સભાસદ જયેશકુમાર આત્મારામ કેલા રહે. નવજીવન સોસાયટી, મુ. ડીસાવાળાઓએ પાંચ લાખની લોન મેળવી હતી.

જોકે આ લોનની રકમ કોઇ કારણોસર લોનધારક ન ચૂકવી શકતાં ધી સરદાર ક્રેડીટ સોસાયટી ડીસા વતી ફરીયાદી વિમલકુમાર અશોકભાઈ જોષીએ ડીસા કોર્ટમાં ક્રિમીનલ કેસ નં. ૧૭૯૫/૨૦૦૯થી ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ જયેશકુમાર કેલા વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. જેમાં સહકારી મંડળી વતી વકીલ ચુ. એમ. ટાંક જ્યારે આરોપી વતી વકીલ ટી. એમ. ઠક્કરે ધારદાર દલીલો કરી હતી.

જે બાદ ડીસાના એડીશનલ ચીફ કોર્ટના જજ એમ. એફ. મંડલીએ પોતાનો ચુકાદો જાહેર કર્યો હતો અને લોન લેનાર જયેશકુમાર કેલાને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮માં તકવીરવાર ઠરાવી ૬ માસની સાદી કેદ અને પાંચ હજાર દંડ અને જો દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરેલ છે. જેનાથી અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

ઘર આગળ પાર્ક કરેલ જીપડાલાની ગણતરીના કલાકોમાં ચોરી

પાલનપુર, તા. ૧૬

પાલનપુર શહેરના કોલેજ કમ્પાઉન્ડ વિસ્તારમાં ગતરાત્રીના સુમારે ઘર આગળ ઉભેલા જીપડાલાની ચોરી થતા જીપના માલીકે આજરોજ શહેર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

પાલનપુર શહેરના કોલેજ કમ્પાઉન્ડ વિસ્તારમાં રહેતા પ્રકાશકુમાર સુંદરલાલ ઈસરાણી ગતરાત્રે તેમના ઘરના આગળ તેમની માલીકીનું જીપડાલું નં.જી.જે.૮. ઝેડ.૨૫૩૪ પાર્ક કર્યું હતું અને સવારે વહેલા ઉઠીને જોતા જીપડાલુ દેખાયું ન હતુ. જેથી ભારે શોધખોળ બાદ જીપડાલુ ચોરી થયું હોવાનું જાણવા મળતા તેઓએ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સ્વામીનારાયણ મંદિરનો શત વાર્ષિક પાટોત્સવ યોજાયો

મહેસાણા જિલ્લાના મોટપ ખાતે સ્વામીનારાયણ મંદિર ખાતે શત વાર્ષિક પાટોત્સવ યોજાયો હતો. ૧૨ થી ૧૬મે દરમિયાન ચાલતા આ ભાગવદ્ સપ્તાહના પુર્ણાહુતિ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે વિશેષ હાજરી આપી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

	તલોદ		એરંડા	૬૬૬	૬૭૨
મકાઈ	૨૨૧	૨૩૫	રાયડો	૪૫૦	૫૮૯
એરંડા	૬૭૩	૬૮૬	જીરૂ	૧૯૦૦	૨૪૫૦
ઘઉં	૩૦૦	૩૯૨	વરીયાળી	૭૪૧	૮૯૧
બાજરી	૨૫૦	૩૧૦		પાલનપુર	
વરીયાળી	૧૦૦૦	૧૫૦૦	ઘઉં	૨૮૫	૩૭૦
ગવાર	૧૬૫૫	૧૭૩૮	બાજરી	૩૦૦	૩૦૭
	સલાલ		એરંડા	૬૬૦	૬૭૫
એરંડા	૬૫૦	૬૬૦	રાયડો	૬૦૮	૬૧૮
ઘઉં	૨૮૫	૩૫૦	વરીયાળી	૯૫૦	૧૭૯૧
ગવાર	૧૬૧૦	૧૭૦૦	રાજગરો	૭૭૧	૯૨૭
ડાંગર જયા	૨૯૫	૩૨૫	જુવાર	૫૫૧	૫૬૭
ડાંગર ગુંજ	૩૨૦	૩૫૦	ખાધાજીરૂ	૨૩૪૫	૨૪૧૨
	પ્રાંતિજ			સિદ્ધપુર	
એરંડા	૬૬૦	૬૭૫	મેથી	૫૦૫	-
ઘઉં	૨૯૦	૩૪૦	રાજગરો	૫૦૯	૯૦૬
બાજરી	૨૫૦	૨૭૦	વરીયાળી	૮૬૪	૧૦૩૨
ડાંગર ગુજ	૩૨૦	૩૫૦	રાયડો	૫૮૦	૬૭૮
ડાંગર જયા	૨૯૫	૩૨૬	એરંડા	૬૫૦	૬૮૩
	ધનસુરા		ગવાર	૧૬૯૯	૧૭૪૪
એરંડા	૬૬૦	૬૭૦	ઘઉં	૨૯૧	૪૨૪
મકાઈ	૨૩૦	૨૫૦	બાજરી	૨૭૦	૩૬૦
ઘઉં	૩૦૦	૩૫૦	જીરૂ	૨૨૫૦	-
બાજરી	૨૪૦	૨૮૦	સવા	૬૭૦	૬૮૯
વરીયાળી	૧૦૫૦	૧૪૮૦		વિસનગર	
ગવાર	૧૫૫૦	૧૬૭૫	ઘઉં	૨૯૫	૪૫૮
	ખેડબ્રહ્મા		બાજરી	૨૫૦	૩૦૬
ઘઉં લોકવન	૨૯૪	૩૨૫	રાયડો	૫૪૦	૬૪૬
ઘઉં ૪૯૬	૩૧૫	૩૪૦	એરંડા	૬૫૦	૬૮૫.૫૦
મકાઈ	૨૪૦	૨૪૨	કપાસ	૮૦૦	૯૭૯
એરંડા	૬૬૮	૬૭૮	જુવાર	૩૭૫	૩૯૧
મગ	૯૭૫	૧૦૩૨	તલ	૧૭૩૧	-
	મોડાસા		જવ	૨૫૫	-
રાયડો	૫૫૦	૬૦૦	મેથી	૫૧૧	૫૭૧
એરંડા	૬૫૦	૬૭૪	ગવાર	૧૬૪૩	૧૭૧૧
બાજરી	૨૮૦	૩૨૪		મહેસાણા	
મકાઈ	૨૪૦	૨૪૭	ઘઉં	૨૯૦	૪૦૪
ઘઉં	૨૯૫	૩૯૬	જીરૂ	૧૫૧૫	૨૪૦૦
ગવાર	૧૭૦૦	૧૭૩૨	રાયડો	૫૪૦	૬૫૦
વરીયાળી	૧૧૪૦	૧૪૦૦	રાજકાબી	૧૧૦૦	૨૧૫૨
ચણા	૬૧૫	૮૫૯	મેથી	૫૧૩	૫૩૪
મગ	૯૫૦	૧૧૬૬	બાજરી	૨૬૦	૨૯૦
	ટીંટોઈ		એરંડા	૬૬૨	૬૭૨
એરંડા	૬૫૫	૬૬૫	અજમો	૭૭૦	૧૨૬૦
બાજરી	૨૫૦	૨૭૫	ગવાર	૧૭૦૦	૧૭૩૩
મકાઈ	૨૪૦	૨૬૫		અંબાલીયાસણ	
ઘઉં	૨૯૦	૩૪૫	ઘઉં	૨૮૪	૩૭૮
ગવાર	૧૫૫૦	૧૬૨૫	રાયડો	૫૯૩	૬૦૪
	દહેગામ		એરંડા	૬૬૪	૬૭૦
બાજરી	૨૯૫	૩૦૩		જોટાણ	
ઘઉં	૩૦૫	૩૨૬	ઘઉં	૩૧૩	૩૬૧
ડાંગર	૨૮૫	૩૯૫	એરંડા	૬૫૬	૬૬૫
એરંડા	૬૭૫	૬૮૦	રાયડો	૫૯૨	-
ગવાર	૧૬૦૦	૧૬૫૧		હારીજ	
મકાઈ	૨૨૦	૩૦૦	મેથી	૫૦૦	૫૨૦
તુવેર	૩૫૩	૬૬૫	ઈસબગુલ	૯૦૫	૧૧૯૯
જુવાર	૩૦૦	૩૫૦	રાયડો	૫૮૦	૬૨૦
રાયડો	૫૨૫	૫૬૦	એરંડા	૬૫૫	૬૭૫
	રખિયાલ		સાસટો	૩૧૧	૩૪૦
બાજરી	૨૯૪	૩૦૨	ઘઉં	૨૯૮	૪૮૦
ઘઉં	૩૦૪	૩૨૫	ગવાર	૧૫૦૦	૧૭૦૦
ડાંગર	૨૮૦	૨૯૦	અડદ	૫૦૦	૬૫૦
એરંડા	૬૭૦	૬૭૫	ચણા	૬૨૫	૬૩૮
ગવાર	૧૫૮૦	૧૬૪૦	જીરૂ	૨૨૫૦	૨૫૬૩
મકાઈ	૨૧૦	૨૮૦	સવા	૫૫૦	૬૭૧
તુવેર	૫૩૦	૬૬૦	કાલણ	૫૩૪	૬૦૧
જુવાર	૨૮૦	૩૨૫		કલોલ	
રાયડો	૫૨૦	૫૫૦	ઘઉં	૨૯૭	૩૭૨
	હિંમતનગર		એરંડા	૬૬૪	૬૭૦
એરંડા	૬૭૬	૬૮૨	બાજરી	૨૭૫	૩૧૨
ઘઉં	૩૦૦	૪૩૬	રાયડો	૬૦૩	૬૧૩
બાજરી	૨૮૦	૨૯૫	ડાંગર	૨૮૫	૩૮૨
મકાઈ	૨૪૦	૨૫૦	ગવાર	૧૬૫૦	-
ચણા	૬૦૦	૬૩૫	જુવાર	૩૩૪	૩૬૫
તુવેર	૭૦૦	૮૧૫	જવ	૨૨૫	૨૪૫
ગવાર	૧૬૦૦	૧૭૦૪		બાયડ	
ડાંગર ગુજ	૨૪૦	૨૬૦	એરંડા	૬૪૦	૬૫૦
	ઈડર		ઘઉં	૨૯૦	૩૮૦
ઘઉં	૨૯૫	૪૦૦	બાજરી	૨૪૦	૨૮૦
મકાઈ	૨૩૫	૨૪૨	મકાઈ	૨૪૦	૨૮૦
એરંડા	૬૬૫	૬૭૩	ગવાર	૧૬૦૦	૧૭૫૦
બાજરી	૨૫૦	૨૯૦	વરીયાળી	૧૧૫૦	૧૨૫૦
મગફળી	૭૦૦	૮૪૦		પાટણ	
કપાસ	૮૦૦	૮૩૦	જીરૂ	૨૧૫૦	૧૨૫૦
તલ	૧૮૦૦	૧૯૫૦	વરીયાળી	૯૫૦	૧૩૨૬
ગવાર	૧૬૦૦	૧૬૬૦	બંટી	૪૦૯	૪૧૩૫૦
તુવેર	૬૦૦	૬૭૦	રાયડો	૫૫૦	૬૭૪
સોયાબીન	૬૪૦	૬૭૦	મેથી	૫૦૦	૬૭૦
અડદ	૩૬૦	૩૮૦	સવા	૬૧૧	૭૩૮
ચણા	૬૩૦	૬૮૦	એરંડા	૬૬૦	૬૮૫
જુવાર	૩૭૦	૪૧૦	ઘઉં	૨૯૫	૪૯૨
જવ	૨૪૦	૨૯૦	બાજરી	૨૬૦	૩૦૨
મેથી	૬૦૦	૬૫૦	ગવાર	૧૭૧૦	૧૭૩૫
મગ	૮૫૦	૯૪૦	કપાસ	૮૨૫	૯૫૦
	કડી			ઉંઝા	
સવા	૬૧૧	૬૨૧	જીરૂ	૧૯૫૦	૨૮૮૦
તુવેર	૭૪૦	-	વરીયાળી	૧૨૫	૨૩૦૦
ડાંગર	૨૮૦	૩૭૦	ઈસબગુલ	૧૧૪૦	૧૬૩૪
બાજરી	૨૮૦	૩૦૯	સરસવ	૬૨૦	૬૭૮
કપાસ	૮૫૬	૯૯૬	રાયડો	૫૬૯	૬૯૦
ચણા	૬૧૧	-	મેથી	૫૪૧	-
મગ	૮૮૦	૧૦૦૦	તલ	૧૯૦૦	૨૧૪૦
ગવાર	૧૬૦૧	૧૭૨૯	સવા	૬૭૧	-